આકાશવાણી, અમદાવાદ

21-05-2025 Evening: 7.10 to 7.20 pm

Wednesday Regional News

1. રાજ્યમાં એશિયાઈ સિંહોની સંખ્યા 891 થઈ, સિંહોની વસતિમાં થયેલા વધારા અંગે પ્રધાનમંત્રીએ આનંદ વ્યક્ત કર્યો.
2. આગામી 30 જૂન સુધી નર્મદાનું 30 હજાર 689 MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો માટે ફાળવાશે.
3. અમદાવાદમાં કોરોનાના કેસ નોંધાતા સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી
4. દીવમાં આયોજિત ખેલો ઈન્ડિયા બીચ ગૅમ્સમાં કર્ણાટક અને મહારાષ્ટ્રના ખેલાડીએ સ્વિમિંગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો
5. રાજ્યભરમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી

---------------------------------------

## LION CENSUS

રાજ્યમાં એશિયાઈ સિંહની સંખ્યા 891એ પહોંચી છે. ગાંધીનગરથી 16-મી સિંહ વસતિના અંદાજના આંકડા જાહેર કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું, 10થી 13 મૅ દરમિયાન 11 જિલ્લાના 58 તાલુકાના 35 હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં વનકર્મીઓ અને સરપંચો, ગ્રામજનો સહિત ત્રણ હજાર 854 લોકોની મદદથી આ ગણતરી હાથ ધરવામાં આવી.

શ્રી પટેલે સિંહની વસ્તીના અંદાજ મેળવવામાં ઉપયોગમાં લેવાયેલી આધુનિક ટેકનોલોજીની પણ માહિતી આપી હતી. દરમિયાન તેમણે સિંહોના જતન, સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતાને 'પ્રોજેક્ટ લાયન 2047' વધુ યોગ્ય રીતે સાકાર કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સિંહોનો જાહેર કરાયેલા આંકડાઓ અંગે આનંદ વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ લખ્યું, 'પ્રૉજેક્ટ લાયન' હેઠળ કરાતા પ્રયાસથી ગુજરાતમાં સિંહોના અનુકુળ વાતાવરણ મળવાની સાથે તેમનું સંરક્ષણ પણ સુનિશ્ચિત થઈ રહ્યું છે.

---------------------------------------

## AMRUT BHARAT VADODARA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વર્ચ્યૂઅલ માધ્યમથી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજ્યના પુનઃવિકસિત કરાયેલા 18 રેલવેમથકનું ઉદ્‌ઘાટન કરશે. અંદાજે 160 કરોડ રૂપિયાના ખર્ચથી પુનઃવિકસિત કરાયેલા આ મથકોમાં ભવ્ય પ્રવેશદ્‌વાર, આધુનિક પ્રતીક્ષા ખંડ, અત્યાધુનિક લાઈટ, ડિજિટલ માહિતી વ્યવસ્થા અને દિવ્યાંગજનો માટેની અનુકુળ સુવિધાઓ સામેલ છે.
આકાશવાણી સાથે વાતચીત કરતા વડોદરા મંડળના રેલવે મૅનેજર રાજુ ભડકેએ જણાવ્યું, પુનઃવિકસિત કરાયેલા વડોદરા મંડળના ડાકોર, કરમસદ, ઉતરાણ, ડેરોલ અને કોસંબા એમ પાંચ રેલવેમથકનો સમાવેશ થાય છે.

------------------------------------

## CM WATER

રાજ્ય સરકારે આગામી 30 જૂન સુધી નર્મદાનું 30 હજાર 689 મિલિયન ક્યૂબિક ફિટ- MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત માટે નર્મદાનું 14 હજાર 539 MCFT અને સૌરાષ્ટ્ર માટે 16 હજાર 150 MCFT પાણી અપાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.
જ્યારે નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્‌ધવહન પાઈપલાઈન મારફતે ઉત્તર ગુજરાતના 950થી વધુ તળાવ અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ નહેલથી આ પાણી પૂરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારના 243 તળાવ અને એક હજાર 820 ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે. આના કારણે 60 હજાર એકરથી વધુ ખેતીલાયક વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

------------------------------------

## JAL SANCHAY KAAM

ધારાસભ્યોના અનુદાનમાંથી કરાતા વિવિધ વિકાસકાર્યોની સૂચિમાં જળસંચયનો સમાવેશ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. સત્તાવાર યાદી મુજબ, જળસંગ્રહ ક્ષમતા વધારવાના, "કેચ ધ રૅઈન" અભિયાન દ્‌વારા ભૂગર્ભ જળસંગ્રહમાં વધારો અને વરસાદી પાણીના સંગ્રહના વિકાસના કામ માટે 50 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
આ ઉપરાંત ગામ, તળાવ અને સીમ તળાવ ઊંડા અને છીદ્રાળુ કરવાની કામગીરીમાં લોકફાળા પેટે જરૂરી રકમ સામે ખૂટતી રકમ ધારાસભ્યોના અનુદાનમાંથી 10 ટકાની મર્યાદામાં ફાળવી શકાશે. જળસંચયના સૂચવાયેલા વિકાસ કાર્યોમાં એક કામ માટે પાંચ લાખ રૂપિયાની નાણાકીય મર્યાદા નક્કી કરવામાં આવી છે.

## CABINET MEETING

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં, રાજ્ય પર સંભવિત વાવાઝોડાના જોખમ, પીવાના અને સિંચાઈના પાણીની સ્થિતિ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્યના પ્રવાસ, રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત વિષયોની સમીક્ષા કરવામાં આવી. દરમિયાન હવામાન વિભાગની આગાહીની સાથે સતર્ક રહીને તૈયારીઓ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

-------------------------------------

## AMDAVAD CORONA

અમદાવાદમાં કોરોનાના સાત કેસ નોંધાતા સિવિલ હૉસ્પિટલમાં 20 હજાર લિટરની બે ઑક્સિજન ટૅન્ક સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. સિવિલ હૉસ્પિટલમાં તમામ દવાઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે અને દર્દીઓને યોગ્ય સારવાર મળી રહેશે તેમ હૉસ્પિટલના સુપરિન્ટન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ જણાવ્યું.

-------------------------------------

## AHMEDABAD-CHANDOLA DIMOLITION

અમદાવાદ મહાનગરપાલિકા અને પોલીસ દ્વારા ચંડોળા તળાવ ખાતે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આજે બપોરે 12 વાગ્યા સુધીમાં મહાપાલિકા દ્વારા 500થી વધુ કાચા- પાકા મકાનો દૂર કરાયા છે. અનેક લોકોને રહેવાની વ્યવસ્થા ન હોવાને લીધે વાસણા ખાતેના આશ્રય સ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. તમામ આશ્રિતોને સારા ખોરાક પાણી, સ્વચ્છ રૂમ, પલંગ વગેરે વ્યવસ્થા પણ કરી આપવામાં આવી છે.

-------------------------------------

## MORBI CID

મોરબીમાં જમીન કૌભાંડની તપાસ કરવા ગાંધીનગર ગુના તપાસ વિભાગ- C.I.D.ની વિશેષ ટુકડીએ આજે જિલ્લાની મુલાકાત લીધી. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, અરજદારે વજેપર સરવે નંબર 602ની જમીન ખોટી વારસાઈ નોંધ કરી કરોડો રૂપિયાની જમીન બારોબાર વેચી દેવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે આ કૌભાંડની તપાસ C.I.D.ને સોંપવા સરકારને રજૂઆત કરી હતી.

આ અંગે C.I.D.ના DySP આર. એસ. પટેલે જણાવ્યું, સ્થળની મુલાકાત લઈ ફરિયાદી ખેડૂત સાથે વાત કરી માહિતી મેળવી. હવે આગામી સમયમાં વધુ તપાસ હાથ ધરાશે.

-------------------------------------

## KHELO INDIA BEACH GAMES

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઈન્ડિયા બીચ ગૅમ્સમાં કર્ણાટક અને મહારાષ્ટ્રના ખેલાડીએ 10 કિલોમીટર ઑપન સ્વિમિંગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. કર્ણાટકના રેણુકાચાર્ય હોદમાની અને મહારાષ્ટ્રનાં દીક્ષા યાદવે આજે અરબ સાગરમાં યોજાયેલી સ્પર્ધામાં ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો.

સુવર્ણ ચંદ્રક વિજેતા 17 વર્ષના રેણુકાચાર્યએ દીવમાં બે કલાક નવ મિનિટ અને 40 સેકેન્ડના સમયમાં અને 19 વર્ષનાં દીક્ષાએ બે કલાક 18 મિનિટ અને નવ સેકેન્ડનો સમય લઈ આ સિદ્ધિ મેળવી.

-------------------------------------

## WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સમગ્ર રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. તેમજ માછીમારોને પણ ચેતવણી આપી છે. દરમિયાન આવતીકાલે દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદની સંભાવના હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું. દરમિયાન વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક પર નોંધાયું. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું છે. આ સિવાયના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયાના અહેવાલ છે.

-------------------------------------

## DIU RAIN ALERT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના દીવ જિલ્લામાં ખરાબ હવામાન  તેમજ ભારે પવન ફૂંકાવવાની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત  કેન્દ્રીય ગુપ્તચર સંસ્થાની સૂચના મુજબ માછીમારોની સલામતી તથા દરિયાકાંઠાની સુરક્ષા અને રાષ્ટ્રહિતનું રક્ષણ સુનિશ્ચિત કરવા માછીમારી કરવા ગયેલી તમામ હોડીને તાત્કાલીક પરત બોલાવવામાં આવી છે અને સાવચેતીના પગલાં લેવાઈ રહ્યા છે. અગામી સૂચના ન મળે ત્યાં સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચન કરાયું  છે.

-------------------------------------

## BHARUCH RAIN

દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી મુજબ ભરૂચ જિલ્લામાં ગઈકાલ અને આજે વહેલી સવારે અનેક તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. જેમાં અંકલેશ્વર, નેત્રંગ, ઝઘડિયા, હાંસોટના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા દર્શાવી છે. તંત્ર દ્વારા ખેડૂતોને  સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

-------------------------------------

## NAVSARI – POSHAN SANGAM KARYAKRAM

નવસારી ખાતે પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત કાર્યશાળા યોજાઈ. જિલ્લા વિકાસ અધિકારી તાથા નાયબ નિયામક, સુરત પ્રોગ્રામ ઓફિસર દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત અગત્યના ૧૦ પગલાઓ વિશે સમજણ આપવામાં આવી. ઉપરાંત કાર્યક્રમમાં ટેક હોમ રેશન બાલશક્તિમાંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ તેમજ બાળકોના સારવારની દવાઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

-------------------------------------